Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA


Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૦ • તા. ૦૫ માર્ચ ૨૦૧૮ થી ૧૧ માર્ચ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય (જામનગર)

### કન્યા છાત્રાલય પર તા. ૨૬/૧/૨૦૧૮ ના રોજ યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણી તેમજ તક્તી અનાવરણ કાર્યક્રમની ઝલક



સમારંભ પ્રમુખ શેઠશ્રી તરૂણભાઇ રતનશી લોડાયા



અતિથી વિશેષ શ્રી હકુભા જાડેજા





ધ્વજ વંદન તથા સલામી



દિપ પ્રાગટ્ય



સરસ્વતી માતાનું મંદિર



દાતાશ્રીઓની તક્તી અનાવરણ



શ્રી હકુભા જાડેજાનું સન્માન



ઉપસ્થિત મહેમાનો



દિકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



દિકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



માતુશ્રી સુશિલાબેન કાંતિલાલ ડાહ્યાલાલ ધરમશી (રંગપૂર) પરિવારની અનુમોદના



માતુશ્રી ખમાબેન ચિમનલાલ ખોના પરિવારની અનુમોદના



માતુશ્રી ધનબાઇ રામજી નાગડા પરિવારની અનુમોદના



માતુશ્રી સુશિલાબેન કાંતિલાલ ધરમશી (ભરૂડીયા) પરિવારની અનુમોદના



માતુશ્રી બાંયાબાઇ ગોવિંદજી લોડાયા પરિવારની અનુમોદના



દક્ષાબેન લાજેશ મોતા નું અભિવાદન



અતિથી વિશેષ શ્રી સુનિલભાઇ માણેકજી લોડાયાનું અભિવાદન



અતિથી વિશેષ શ્રી તિલકચંદ્ર જયંતીલાલ ખોનાનું અભિવાદન



સમારંભ પ્રમુખ તથા અતિથી વિશેષો



ભુતપૂર્વ પ્રમુખ શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશીનું અભિવાદન



દિકરીઓને ડ્રેસ અર્પણ કરતા સુશિલાબેન તથા કાંતિલાલ ધરમશી



અતિથી વિશેષ શ્રી પ્રબોધભાઇ મુનવરનું અભિવાદન



ટ્યુશન ટિચર શ્રી અલ્પેશભાઇ ત્રિવેદીનું અભિવાદન



આઝાદી પર્વની ઉજવણી

## કન્યા છાત્રાલય પર તા. ૨૬/૧/૨૦૧૮ ના રોજ યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણી તેમજ તક્તી અનાવરણ કાર્યક્રમની ઝલક

ભારતના દ્લમાં પ્રજાસત્તાક દિનની જામનગર ખાતે શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન અભ્યુદય ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલયમાં આનંદ ઉલ્લાસ સાજો શાનદાર ઉજવણી થઇ હતી. આ પ્રસંગે છાત્રાલયમાં અભ્યાસ કરતી કન્યાઓના વાલીઓ, જ્ઞાતિના શ્રેષ્ઠીઓ, મહેમાનો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો. સંસ્થામાં પ્રજાસત્તાક દિન ઉપરાંત તક્તી અનાવરણનો કાર્યક્રમ પણ હતો. કાર્યક્રમના આગલા દિવસે એટલે તા.૨૫ જાન્યુઆરીના દિવસે સાંજે મહાકાળી માતાની ભાવના અને સ્વરૂચી ભોજનનો કાર્યક્રમ હતો.

તા. ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને સવારે નાસ્તો, ધ્વજવંદન, દાતાઓના હસ્તે તક્તી અનાવરણ, છાત્રાલયની દિકરીઓ દ્વારા સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ, દાતાઓનું અભિવાદન, બપોરે ભોજન સમારંભ અને ત્યારબાદ છાત્રાલયના પટાંગણમાં બનાવવામાં આવેલ સરસ્વતી માતાની પુજાનો કાર્યક્રમ હતો.

સવારે ૯-૩૦ કલાકે દાતાઓના હસ્તે તક્તી અનાવરણનો કાર્યક્રમ હતો. ૧૦ વાગ્યે છાત્રાલયની દિકરીઓ દ્વારા સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ, દાતાઓનું અભિવાદન હતું. બપોરે ૧૨-૩૦ કલાકે ભોજન સમારંભ અને બપોરે ૨ કલાકે છાત્રાલયના પટાંગણમાં બનાવવામાં આવેલ સરસ્વતી માતાની પુજાનો કાર્યક્રમ હતો.

મોંઘીમા નાગશી દેવાણી કન્યા છાત્રાલયમાં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી થવાની હોય છાત્રાલયની દિકરીઓમાં પટેલેથી જ અનેરો ઉત્સાહ અને ઉમંગ હતો. આ દિવસે દિકરીઓએ રંગબેરંગી પોશાકમાં સજ્જ થઇને એક એક થી ચડે એવા નૃત્યો રજૂ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દરેક દિકરીઓને તો આજે બસ મન મુકીને રાસની રમઝટ લેવી હોય તમે એક પછી એક રાસ રમતી ગઇ અને છેલ્લે તો મહેમાનો પણ રાસની રમઝટમાં જોડાયા હતા. આમ પ્રજાસત્તાક દિનની ઉજવણીને છાત્રાલયની દિકરીઓને ચારચાંદ લગાચી દીધા હતા.

કાર્યક્રમના અતિથિ વિશેષ પદે જામનગરના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા (હકુભા), મેયર શ્રીમતી પ્રતિભાબેન કનખરા, ડે. મેયર ભરતભાઇ મહેતા, ક.દ.ઓ. જૈન પચ્છિમ એકમના પ્રમુખ તિલકચંદ્ર જયંતિલાલ ખોના, ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જામનગરના પ્રમુખ સુનિલ માણેકજી લોડાયા ઉપસ્થિત રહ્યા હતા.

અતિથી વિશેષ તરીકે ૧) અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડોના ટ્રસ્ટવતી શ્રી બિપીનભાઇ નાગડા, ૨) શ્રી કાંતિલાલ ડાહ્યાલાલ ધરમશી (રંગપુર - બોરીવલી), ૩) શ્રી શૈલેષ ચીમનલાલ ખોના (મોટીખાવડી - ઘાટકોપર), ૪) શ્રી સુરેશ રામજી નાગડા (રંગપુર - વડાલા), ૫) શ્રી જીવરાજ ગોંવિદજી લોડાયા, તેમજ વિશેષ આમંત્રિત મહેમાન તરીકે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભૂજના પ્રમુખ પ્રબોધ મુનવર તથા ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન મુંબઇ સમિતિના સભ્ય શ્રીમતી દક્ષાબેન લાજેશ મોતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ શ્રી તરૂણભાઇ રતનસી લોડાયાએ તેમની આગવી શૈલીમાં પ્રાસંગીક પ્રવચન ર્ક્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે શિક્ષણ જીવનમાં જરૂરી છે અને શિક્ષણ થકી જ પ્રગતિ સાધી શકાય છે. તેઓએ આ તકે મોંઘીમાં નાગશી દેવાણી કન્યા છાત્રાલયની પ્રવૃતિઓને બિરદાવી હતી.

શ્રી બિપીન પાશ્વીર નાગડાએ આજના મુખ્ય અતિથિ વિશેષ શ્રી તરૂણભાઇ રતનસી લોડાયાનો પરિચય રજૂ ર્ક્યો હતો અને તરૂણભાઇના બિઝનેસ અને જાહેર જીવનમાં યોગદાનની ભારોભાર પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ખૂબ સહેલું છે કોકને ગમી જયું, અઘરૂં તો છે સતત ગમતા રહેવું એ અઘરૂં કામ કરી શ્રી તરૂણભાઇ સતત સૌને ગમતા રહે છે.

પ્રારંભમાં કન્યા છાત્રાલયની વિદ્યાર્થીની કુ. કાજલ ખોનાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા તેમજ કુ. કાજલ ખોના અને કુ. કિંજલ ખોનાએ આગવી શૈલીમાં સંસ્થાનો પરિચય આપ્યો હતો. સંસ્થાની દિકરીઓએ નવકાર મંત્ર રજૂ કરેલ. ત્યારપછી દિકરીઓએ સ્વાગત નૃત્ય રજૂ ર્ક્યું હતું. કન્યા છાત્રાલયની વિદ્યાર્થીની કુ. બિજલ ગોસર અને કુ. મયુરી મહેન્દ્ર વોરાએ છાત્રાલયના પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે સુરેશ રામજી નાગડા, અશોકભાઇ દંડ, તિલક ખોના વગેરેએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. કુ. સોનલ લોડાયાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. કન્યા છાત્રાલયની દરેક દિકરીઓને માતુશ્રી સુશિલાબેન કાંતિલાલ ડાહ્યાલાલ ધરમશી પરિવાર તરફથી વેસ્ટર્ન ડ્રેસની ભેટ આપવામાં આવી હતી.

આ તકે શ્રી બિપીન નાગડાનું કન્યા છાત્રાલયને ૩ કોમ્પ્યુટર ભેટ આપવા માટે તેમજ છાત્રાલયની દિકરીઓને માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર તરફથી ૩ દિવસના કચ્છ પ્રવાસ કરાવવા બદલ અનુમોદના કરવામાં આવી હતી.

જામનગરમાં પ્રજાસત્તાક દિન પ્રસંગે કન્યા છાત્રાલયમાં યોજવામાં આવેલા કાર્યક્રમ માટે દરેકના રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપનારા દાતાઓમાં માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર, માતુશ્રી લલિતાબેન કેશવજી ધરમશી પરિવાર, માતુશ્રી બાયાંબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર, શ્રી બિપીન પાશ્વીર નાગડા, માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર, માતુશ્રી પુષ્પાબેન ભગવાનજી ખોના પરિવાર, માતુશ્રી વિજયાબેન ડુંગરસી લાપસિયા પરિવાર, માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર અને માતુશ્રી નિર્મળાબેન ડુંગરસી માલદે પરિવાર નો સમાવેશ થાય છે.

પ્રસંગે પધારેલ સર્વે મહેમાનોનો, જ્ઞાતિજનો તેમજ સર્વે દાતાશ્રી પરિવારનો ખૂબ ખૂબ આભાર સહ અનુમોદન.

લિ. શ્રી. ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ વતી
સંચાલકો તથા ટ્રસ્ટીગણ

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 10/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

## આપણી જ્ઞાતિની જનસંખ્યા ઓછી થશે ? – રમેશ કુંવરજી મોતા, મુલુંડ

ચેન્નાઇના 'હિન્દુ' અખબારમાં એક દાયકા પહેલાં 'Footprints of Community' ના મથાળે હર્ષ કાબશ દ્વારા લખાયેલ લેખ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

મજકુર લેખમાં ભારતની ત્રણ જ્ઞાતિઓની ઘટતી વસતી બાબત રજુઆત કરવામાં આવી છે. આ ત્રણ જ્ઞાતિઓ છે, પારસીઓ, કચ્છી દશા ઓશવાલો અને કર્ણાટકની કેનરા વિસ્તારની ચિત્રપુર સારસ્વત જ્ઞાતિ. ભારતના સેન્સસ કમિશનના ૨૦૦૧ના આંકડા પ્રમાણે ચિત્રપુર સારસ્વતોની વસ્તી ૨૨૪૯૮ની હતી જે ૧૯૭૧માં ૨૦૯૩૨ની હતી. ત્રણ દાયકામાં ૭% નો વધારો થયો પરંતુ ૦-૧૯ વર્ષના ૩૩%માંથી ૧૮% થયા તેમજ ૨૦-૪૪ વર્ષના ૩૮% માંતી ૩૪% થયા. ૪૫થી ઉપરના ૨૯% માંથી ૪૮% થયા. આ આંકડા જ્ઞાતિ વિલિનતાને પંથે છે જણાતાં ચિત્રપુર સારસ્વતોએ તુરંત કાર્યવાહી શરૂ કરી. ભારતના બંધારણ સભાના પ્રમુખ બી. એન. રાવ, કોડીકલ અને મુંબઈના મહેશ કલ્યાણપુર વગેરેએ Amchis (Archival Mission of Chitrapur Saraswat) પ્રોજેક્ટ સ્થાપીને કાર્ય શરૂ કર્યું.

ચિત્રપુર સારસ્વત જ્ઞાતિ ૯૯.૫% શિક્ષિત જ્ઞાતિ છે. તેમની જ્ઞાતિમાં ભારતભરમાં જાણીતા સંગીતકારો ચિદાનંદ નગરકર, દેવેન્દ્ર મુર્દેશ્વર, નિત્યાનંદ હલદીપુર અને તારાનાથ મુખ્ય છે. ગાયકોમાં આગ્રા ઘરાનાના પ્રખ્યાત ગાયક લલીત રાવ, ચિત્રકારો પી.સી. શીરૂર અને શાંતારામ બુડકરે થયા છે. અન્ય ગણમાન્યોમાં બી.એન. રાવ (ભારતની બંધારણ સભાના પ્રમુખ), બી. રામારાવ (રીઝર્વ બેન્કના ગવર્નર ને બાદમાં રાજ્યોના ગવર્નર) સીનેમા/થીએટર સાથે જોડાયેલા ગુરુદત્ત, શ્યામ બેનેગલ, કલ્યના લાજમી, ગીરીશ કર્નાડ તથા બેડમીન્ટન ખેલાડી પ્રકાશ પદુકોન (દીપીકા પદુકોનના પિતાશ્રી) આધાર કાર્ડના સર્જક નંદન નિલકૈની મુખ્ય છે. Amchis જ્ઞાતિનો પૂર્વ ઇતિહાસ ભેગો કરવામાં લાગી ગઈ છે. જૂના ચિત્રકારોના ચિત્રો, ગાયકોની ઓડીયો કેસેટ / વિડિયો કેસેટ તેમજ તેમના તહેવારો જેવા કે ગોકુલ અષ્ટમીના ભજન અને રથોત્સવના કેસેટો ભેગી કરી છે. કોંકણી બાળગીતો, કહેવા તો, ગીતો, કવિતા અને ગ્રંથ ભેગા કર્યા છે. તેમના ધાર્મિક સ્થળ શીરાલીમાં આવેલ ચિત્રપુર મઠના મઠાધિપતિ એવં યુનેસ્કો એ પણ મદદ કરી છે. મોટી વયના જ્ઞાતિજનો માટે જશલોક અને સાંતાક્રુઝ હોસ્પિટલ સાથે ટાઈઅપ કર્યું. પોતાની મેડીકલ સ્વાસ્થની યોજનાઓ ઘડી. મુંબઈમાં હોલ બાંધવાના છે. વ્યાપારી જ્ઞાતિ ન હોવાને લીધે ગતી ધીમી છે.

ચિત્રપુર જ્ઞાતિમાં સ્ત્રી-પુરુષનો રેશાયો સારો છે. ૧૦૦૦ પુરૂષે ૧૦૨૫ સ્ત્રીઓ છે. સ્ત્રીઓ સુખી છે. ભણતર સાદુ છે. દહેજ નથી તેથી આ વર્ગ પ્રોગ્રેસીવ છે. જન્મના પ્રમાણમાં મોટો ઘસારો, લગ્ન અને બાળકો પેદા કરવાના પ્રમાણમાં ઘટાડો તથા ૪૫થી વધુ વયના સ્ત્રી પુરુષ સંખ્યામાં વધારો, મોડાં થતાં લગ્ન, એક જ બાળક કે બાળક નહિંની વિચારસરણીને લીધે ત્રણ કે તેથી ઓછી સંખ્યાના કુટુંબની સંખ્યા ૩૯.૫% થઈ ગઈ. વિભક્ત કુટુંબ પ્રથાને કારણે બચ્ચાં ઉછેરવાના પ્રશ્નો, તેમજ બાળકો જ્ઞાતિના પ્રસંગો / ઉજમણીઓ / મેળાવડાથી દુર થતા ગયા અને મોટો ભાગ પરદેશમાં રહેતો થયો. મોટા ભાગના કોંકણી બોલી શકતા નથી. યુવાઓમાં જ્ઞાતિ માટે ગૌરવ પેદા થાય અને દરેક દંપતીને બે બાળક હોય તેવી પરિસ્થિતિ ઉભી કરવી છે.

પારસીઓ એ પણ અન્ય જ્ઞાતિમાં પરણેલી દિકરીઓના બાળકો પારસી બનવા ઇચ્છતા હોય તો અંશતઃ રજા આપી છે.

આપણી જ્ઞાતિની પણ આવી જ પરિસ્થિતિ છે. ૭મા વ.પ. પ્રકાશને જ્ઞાતિમાં ૮ થી ૯% તો વધારો જણાયો. ૨૦૦૫માં નવી જ્ઞાતિ આપણી જ્ઞાતિમાં વિલિન થઈ.

આપણી વસ્તી (૭મું વ.પ. ૨૮૧૬૪ + નવિ નાતનું ૧૯૯૯નું વ.પ. ૨૦૦૧) ૩૦૧૬૫ થઈ. ૨૦૧૨/૧૪ વચ્ચે ૮મા વ.પ. માટે ફોર્મ ભરાવાયા ત્યારે સંખ્યા ૩૧૦૦૦ આસપાસ થઇ.

છેલ્લા ૨૦ વર્ષમાં જ્ઞાતિમાં શિક્ષણનું ખાસ કરીને મહિલાઓનું શિક્ષણ વધ્યું છે. શિક્ષણને કારણે વ્યવસાયિક (Professional) મહિલાઓની સંખ્યા વધી છે. દિકરીઓ કેરીયરને કારણે લગ્ન વહેલાં કરવી ઇચ્છતી નથી અથવા લગ્ન કરવા નથી. સ્વાસ્થ સુવિધાઓ વધી છે. વિભક્ત કુટુંબો વધતા જાય છે. રેહેણાંકના સ્થળો વિસ્તરતા જાય છે. મુંબઈ અને નવી મુંબઈ તથા ઠાણા જીલ્લાંના પરા, અમદાવાદ, બેંગલોર, કોચીન, હૈદ્રાબાદ, ગાંધીધામ-ભૂજ, જલગામ, પુના, વડોદરા, સિવાયના ગામોમાં વસ્તી ઘટેલી જણાય છે. સ્થાનિકે વસ્તી નામ પૂરતી જ છે. અને હાલમાં દર મહિને ૩૦ કે વધુ મરણ અને ૧૦ જન્મના કારણે વસતી ઘટતી જાય છે. જે હાલમાં આજ કદાચ ૩૦૬૦૦ જેટલી જ હોય. એનો અર્થ થયો કે ૧૫ વર્ષમાં આપણી જ્ઞાતિમાં ફક્ત ૨%નો જ વધારો થયો કે જે મૃત્યું / જન્મ ના રેસીયોને કારણે એક દાયકામાં નેગેટીવમાં થઈ જશે.

આપણે હવે જાગવાતી જરૂર છે. આપણે પણ ચિત્રપુર સારસ્વત જ્ઞાતિ જેમ પગલાં ભરવાં રહ્યાં.

આપણે વ્યાપારી જ્ઞાતિ છીએ. સ્થાનિક ગામોમાં અને રહેણાંકના ગામોમાં આપણી અબજોની મીલકત છે. દેરાસર, ઉપાશ્રય, મહાજનવાડી, અતિથિગૃહ, ભોજનશાળા, રહેણાંકના સંકુલ, સ્કુલ, બોર્ડિંગ, કન્યાછાત્રાલય, વિવિધલક્ષી હૉલ, વગેરે આપણે સ્થાનિકે કે રહણાંકના સ્થળે ઉભા કર્યા છે. જ્ઞાતિએ પોતાના સ્વને બચાવવા, સંવર્ધન કરવા તુરંત પગલાં લેવા જોઇએ. જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય, પદાધિકારીઓ, અગ્રેસરો, કાર્યકરો, બૌધિકો તથા વ્યવસાયિકોએ, મહિલાઓએ આ બાબતમાં ભેગા મળીને વિચાર વિમર્શ કરવો રહ્યો.

સમસ્ત મહાજને આ બાબત તુરંત એક સર્વગ્રાહી સભા બોલાવીને માળખું ઊભું કરવું જોઇએ. જેમાં જ્ઞાતિના સર્વ ક્ષેત્રના અગ્રણીઓ હોય અને સાથે બેસીને એક પ્રોજેક્ટ ઉભો કરવો જોઇએ. ચિત્રપુર જ્ઞાતિએ કર્યું તે મુજબ જ્ઞાતિનો ઈતિહાસ, ગામોનો ઈતિહાસ, આપણી દશાઈના પહેરવેશ, આભૂષણ, બોલી, વ્યાપારિક સાહસિકતા એવં કુનેહ, ભારતના સર્વ ભાગોમાં ત્યાંના સ્થાનિક સમાજમાં ભળી જવું, સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ, દેશ રાજ્ય માટે કરેલ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક કાર્યોનું ગ્રંથીકરણ વગેરે કામ કરવા જોઇએ. મૂળ તો જ્ઞાતિના યુવ વર્ગને જ્ઞાતિ દાઝમાં પલોટીને આંતરજ્ઞાતિય લગ્ન રોકવા અને સમાજકારણમાં ભાગ લેતા થાય તેવા કાર્યો કરવા જોઇએ.

મેળાવડા, ઉજવણીઓ, સંમેલનો થતા રહેશે જો આપણે યોગ્ય સંખ્યામાં જીવિત રહેશું તો. અતઃ સમસ્ત મહાજનને આ બાબત તુરંત કાર્યવાહી કરવા વિનંતી છે. **જય જ્ઞાતિ મૈયા**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**વિશેષ સુચના :** પ્રકાશ સમીક્ષાના મુખપૃષ્ઠ (કવરપેજ)ના રંગીના પાનાનો ચાર્જ એપ્રીલ ૨૦૧૮ થી રૂા. ૧૦,૦૦૦/-

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

**સૌથી મોટો જાદુગર કોણ ?** **– પ્રવીણ લોડાયા,** વડોદરા

વાત છે મોરબીની. એક દિવસ બપોરે કોઈ અજાણ્યો માણસ એક ઘર પાસે આવે છે. એક બેન હિંચકા પર બેઠા હતા. બળબળતી બપોર હતી. લગભગ એપ્રિલ-મે મહિનાના દિવસો હતા. એ માણસ એ બેન પાસે આવ્યો અને કહ્યું. 'મને તરસ લાગી છે. પાણી આપશો?'

એ બેને પાણી આપ્યું પછી એ બેન એ અજાણ્યા માણસને કહે છે, 'ભાઈ તમારા ચહેરા પરથી તમે ભુખ્યા હો' એમ લાગે છે. હું તમારા માટે જમવાનું લઈ આવું છું.' અને એને પ્રેમથી જમાડે છે.

જમી લીધા પછી એ ભાઈ કહે છે, 'મારા લાયક કોઈ કામ હોય તો કહો, હું મફતમાં જમતો નથી.' બેન કહે છે. નોકર-ચાકર પણ છે. કોઈ કામ નથી ! પણ એ અજાણ્યા માણસે જ્યારે વધુ આગ્રહ કર્યો ત્યારે બેને કહ્યું, હા એક તૂટેલી નિસરણી છે. તેના ત્રણેક પગથિયા તૂટી ગયા છે એને તું મજબૂત કરીને નવાં નાખી દે'. પછી સાવ અજાણી વ્યક્તિએ એ નિસરણીના નવા પગથિયા મજબૂત કરી આપ્યા અને તરત વિદાય થઈ ગઈ.

એ પછી એવું બન્યું કે બીજે કે ત્રીજે મહિને મચ્છુ ડેમ તૂટ્યો અને મોટી જળ હોનારત થઈ. એ બેનનું અડધું ઘર પાણીમાં ડૂબી ગયું. એ ક્ષણે પેલી મજબૂત નિસરણી ઉપરથી ચડીને આખો પરિવાર સલામત ઊંચાઈએ જીવ બચાવીને આખી રાત બેસી રહ્યો. સહુ સલામત રહ્યા. જો એ નિસરણી ભાંગેલી હોત તો આખો પરિવાર હોનારતનો ભોગ બની ગયો હોત. ક્ષણનું સત્ય સર્વોપરી હોય છે.

ચાલો, આપણા પ્રવાસને આગળ વધારીએ, મોરબીથી આફ્રિકા આવીએ. એક આફ્રિકન ટાપુ છે. ત્યાં રહેતા સાવ પછાત આદિવાસી મુખિયાનો એકનો એક દીકરો બિમાર પડે છે. એને થયેલા રોગની દવા કરી શકે એવો નિષ્ણાત સંશોધક દુનિયામાં એક જ છે. અને એય અમેરિકાના શિકાગોમાં !

પેલા મુખિયાને તો અમેરિકાના અસ્તિત્વની પણ ખબર નથી. એ તો માત્ર એની ભાષામાં આકાશ સાથે જોઇને પ્રાર્થના કરે છે.... વાદળોમાં ભેદી ગડગડાટ થાય છે. ના, કોઈ આકાશવાણી થાય છે કે નથી કોઈ પ્રગટ થતું. આદિવાસી રોઇને ઘરભેગો થાય છે.

કટ ટુ અમેરિકા. પેલા એક્સપર્ટ ડૉક્ટર કમ રિસર્ચ સાયન્ટીસ્ટને પત્ની સાથે ઝગડો થાય છે. એમાં પત્ની ઘર છોડીને જતી રહે છે. ગુસ્સામાં એ કોઇ કાર સાથે અથડાય છે, જે કાર માફિયોની હોય છે. જાન બચાવવા ભાગતી ભાગતી એ બોટમાં ચડી જાય છે. એને શોધવા નીકળેલો એનો ડૉક્ટર પતિ બોટને પકડવા માટે હેલિકોપ્ટર ભાડે કરે છે. હેલિકૉપ્ટર રસ્તામાં તોફાન નડતાં તૂટી પડે છે. નારાજ પત્ની જે બોટમાં હોય છે. એનીજ લાઇફબોટ ડૉક્ટરને બચાવે છે. પણ ફરી થતાં ડૉક્ટર કંટાળીને દરિયામાં ઝંપલાવે છે. એ જોઇને પત્નીને લાગી આવે છે. તેણી કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરમાં સવાર થઇને પતિની શોધમાં નીકળે છે. ડૂબકાં ખાતા પતિને બચાવતા પતિ-પત્નિનું સ્નેહમિલન તો થાય છે. પણ હેલિકોપ્ટરનું બળતણ જવાબ દઇ દેતાં એક ટાપુ પર ઉતરાણ કરવું પડે છે. જ્યાંથી માનવવસતિ તરફ જવા માટે એક ખખડધજ બળદગાડું મળે છે, પણ આકાશમાંની વીજળીના ચમકારે એના બળદો ભડકીને ભાગી જાય છે. ગાડાની સવારીઓ રસ્તામાં ફંગોળાય છે. ત્યારે એક ખટારાસવાર એને બચાવી ને નજીકના ગામડે પહોંચાડે છે.

એ ગામનો આદિવાસી મુખીયા ડૉક્ટર દંપતિની સારવાર કરે છે. હજુ આગલા દિવસે જ એનો એકમાત્ર દીકરો ગંભીર બીમારીમાં પટકાયેલો હોય છે. પોતાની બાજૂની પથારીમાં જ એને સૂતેલો જોઇને ડૉક્ટર એને તપાસે છે. અમેરિકાથી હજારો માઈલ દૂર આફ્રિકાના એ ગામડાના ઝુંપડામાં છોકરાને સમયસર અને તદ્દન મફતમાં જોઇતી સારવાર મળી જાય છે.

ડૉક્ટર પતિ-પત્ની ગામની વિદાય લે છે, ત્યારે ફરીથી આકાશમાં ગડગડાટ થાય છે ! 'આ મિરેકલ કહેવાય કે ઇત્તેફાક ?' આલ્બર્ટ આઇન્સ્ટાઇને ખરૂં કહ્યું હતું કે ''જિંદગી જીવવાના બે અભિગમ છે, એક, કશુંય ચમત્કારીક નથી, બે, બધું જ ચમત્કારિક છે !''.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

હવે છેલ્લે એક જાણીતો કિસ્સો કહીને સમાપન કરૂં છું. એક સગર્ભા હરણી હતી. છેલ્લા સમયે તેને વિચાર આવ્યો કે બચ્ચાને સારી જગ્યાએ જન્મ આપું. તે એક નદી કિનારે ગઇ ત્યાં એણે આસરો લીધો. બીજા દિવસે નદીની દક્ષિણ દિશાએ આગ લાગી. અને જોતજોતામાં દાવાનળ ફેલાઇ ગયો એટલે એ પૂર્વ દિશામાં દોડી. તો સામે એક શિકારી એનો શિકાર કરવાની તૈયારી કરતો હતો. પાછળ ફરી તો એક વાઘ દેખાયો. ચારે દિશાઓ એના માટે બંધ થઈ ગઈ. ત્યારે એણે આકાશ તરફ નજર કરી. અને બધો ડર છોડીને ફક્ત આવનાર બચ્ચાને જન્મ આપવાની માનસિક તૈયારી કરી. જ્યાં એ જન્મ આપે છે ત્યારે જ આકાશમાં વાદળો ઘેરાયા અને જોરદાર વરસાદ પડ્યો. આગ બુઝાઇ ગઇ. દાવાનળ શાંત થઈ ગયો. ત્યાં જ શિકારીએ એને તીર માર્યું પણ નિશાન ચુકી ગયો અને તીર વાઘને લાગ્યું અને વાઘ મરી ગયો. ઉપરથી વિજળી શિકારી ઉપર પડી અને એનાં પણ રામ રમી ગયા. હવે સમજાયું કે દુનિયાનો સૌથી મોટો જાદુગર કોણ છે? જે રોટલી ખવડાવે સફેદ અને તેનું શરીરમાં થાય લોહી લાલ.

## આપણા દેશમાં એ સૂરજ ક્યારે ઊગશે?




ત્રીસેક વર્ષ અગાઉ મેં એક નાનકડા લેખનો અનુવાદ કરેલો. એનું શીર્ષક હતું 'મારે પણ એક વહુ હોય.' અહીં વહુ પત્નીના અર્થમાં છે. આપણે ત્યાં દીકરો લગ્ન કરે તો એ આખા પરિવારની વહુ ગણાય છે. હિંદીભાષીઓ તો બહુ એટલે માત્ર પરિવારમાં પરણીને આવી હોય તે. કો'કને પૂછ્યું કે છગન કે મગન પરણ્યો તો એની વહુ માટે શું કહેવાનું? તો કહે 'બિવી' હવે ઉર્દૂ શબ્દ ઉપર ઝાડુ-પોતા કરી દેવાનો ચાલ વધુ સબળ બન્યો છે ત્યારે શહેરી શિક્ષિત વર્ગ 'પત્ની' શબ્દ વાપરે છે, લોકો બધે તો હજી 'મિયાંબિવી' જ કહેવાય છે. મિયાંનો અર્થ મુસલમાન પુરુષ એમ નથી. એ તો ઉર્દૂમાં કોઈ પણ પુરુષ માટે વાપરી શકાય, 'મેરા આદમી' કહે છે તે પણ સ્ત્રી પતિ માટે વાપરે છે, જર્મનમાં માઈન મેન કે માજા કહેવાય છે. એટલે કે 'મારો પુરુષ' એટલે કે પતિ.

'મારે પણ એક વહુ' માં કોઈ બાઈએ લખેલું કે મારે પણ એક વહુ હોય તો હું લખવાને બદલે બોલું કે ગંદા અક્ષરે લખું તો એ ટાઈપ કરી આપે. (કમ્પ્યુટર ઘરે આવ્યા તે અગાઉની વાત હતી.) હું ક્યાંક હતાશ થઈને આવું તો મારો ક્રોધ એની પર કાઢી શકું, હું થાકીને આવું તો પગ દબાવી આપે, છોકરાં સંભાળે, મારે રોજ લેવાની દવા યાદ કરીને આપે અને દરેક સફળતા કે અસફળતામાં એ મારી પાછળ ઊભી, (અહીં પાછળ શબ્દ અંડરલાઈન કરવો, નીચે લીટી દોરી ભારપૂર્વક લખવો,) આવા સમયમાં બાઈ નોકરી કરે અને ભાઈ ઘરે રહી કામ પતાવે એ મોટી જોક ગણાતું, હજી પણ ગણાય છે. પેલી બાઈએ જોક નહોતી કરી. એનો લેખ મજાક ઉડાવી ઘરકામ વગેરે માત્ર પત્ની જ કરે એ રિવાજ ઉપર ધ્યાન ખેંચવાનો હતો.

હવે રીતરિવાજો ધીમે ધીમે બદલાઈ રહ્યાં છે, મોટો ધડાકો એ થયો કે ૨૦૧૭ના અંત ભાગમાં જેસિંડા આર્ડેર્ન ચૂંટાઈને પંતપ્રધાન બન્યા એમને મહિના રહ્યા છે. જૂનમાં બાળક અવતરશે પછી ત્રણેક મહિના એ રજા પર જશે, આમ પણ દેશ સંભાળવાનો હોય તો કેટલીક મેટર્નિટી લીવ લેવાય? ધડાકો એ જ નથી. ધડાકો એ છે કે ઓસ્ટ્રેલિયન રેડિયો પર કાર્યક્રમો પ્રસ્તુત કરતા એમના જીવનસાથી કલાર્ક ગેફોર્ડ હવે નોકરી છોડીને ઘરસંભાળ અને બાળસંભાળ કરવાના છે. એમના રેડિયોનું જ કામ કરતા મિત્ર માર્ક બ્રોઝે એમને જાહેરપત્ર લખ્યો છે કે ઘરે રહી કામ કરવામાં માત્ર બેવડો બોજો નથી, પાંચ, સાત કે દસગણો બોજો છે. બાળકનાં છીછી ને પીપીનું ધ્યાન રાખવાનું, એને માટે બધી ચીજ વસ્તુઓ લઈ આવવાની, એની તબિયત જરા પણ બગડે તો દોડાદોડી કરવાની, એવું મોટું લિસ્ટ આ મિત્ર આપે છે. કારણ કે એ પોતે પણ હાઉસહસબંડ રહી ચૂક્યો છે. શિશું રડવે ચડે તો એને મનાવવા, કેમ રડે છે તે જાણવામાં પેલો કહે છે કે તારો દમ નીકળશે, જમવા માટે શું કરવાનું એ રસોડાની દરેક વાતનું ધ્યાન રાખવું પડશે. હા, બાળક પહેલીવાર હસે કે એક શબ્દ બોલે ત્યારે તું ત્યાં હશે એનો તને લ્હાવો મળશે, પણ કામ દસગણું હશે એ યાદ રાખજે.

આ પત્ર અડધો મજાકમાં લખાયો હોય તો પણ એ ભાર મૂકે છે કે ઘરે રહેતી સ્ત્રીઓ વગર રજાએ ને વગર પગારે કેટકેટલાં કામ આટોપે છે, પણ ઘરકામ અને બાળઉછેરમાં કેટલા વીસે સો થાય છે તે દેખાઈ આવે છે, બંને સાચા અર્થમાં આ બધું શેરિંગ સહકારથી કરે તો જ સ્ત્રી પોતાની કરિયર બનાવી શકે, માત્ર બહાર જઈ શિક્ષક, કારકૂની નોકરી કરે તેમાં ભાગ્યે જ કરિઅર બને. એ તો ત્યારે બને જ્યારે તમને આગળ ભણવાની અને તાલીમ લેવાની તક મળે, ઑફિસ કે સ્કૂલ-કોલેજના કાળના કલાકો કરતાં ઘણાં વધુ કલાકો કરિઅર માટે આપી શકો, તે માટે સંપર્કો કેળવવા માટે પણ સમય જોઈએ. આ કરવા માટે જેમની પાસે સમય અને શક્તિ હોય તે સફળ થાય. જુવાનીમાં પંતપ્રધાન પદ સુધી જેસિંડાબહેન પહોંચ્યાં તેમાં પણ આ સાથીએ કેટલીયે વાર ઘર અને રસોડું સંભાળ્યા જ હશે, એમ ને એમ કાંઈ કોઈ સફળ રાજકારણી બને? યુગલના બીજા અડધિયાએ પાછળ રહેવું જ પડે, આ ક્ષેત્રે

નાનકડું ફિનલેંડ બહુ આગળ વધેલું છે. આમ પણ સ્વિડન, નોર્વે, ડેન્માર્ક વગેરે એના પાડોશી દેશોમાં પણ સ્ત્રીપુરુષ સમાનતા ક્ષેત્રે બહુ સારી રેંક લાવે છે, આ બધું એમ જ થઈ જતું નથી, શાસન અહીં સ્ત્રીઓને, યુગલોને સહાયરૂપ થવા ઘણું કરે છે, બાળક જન્મે કે યુગલોને એક બેબી બોક્સ મળે, એમાં બાળોતિયાંથી માંડીને બેબી ઓઈલ, પાવડર, સાબુ, ઠંડીના કપડાં, ગરમીનાં કપડાં બધું જ હોય, એ બધામાં છોકરી માટે ગુલાબી ને છોકરા માટે ભૂરા રંગો રાખવાના કે છોકરી માટે સ્કર્ટ ને છોકરા માટે અડધિયું પેંટ એવા ભેદભાવ ન રાખે. છોકરા-છોકરી બંને વાપરી શકે એ ધ્યાનમાં રાખીને બોક્સ બનાવ્યું હોય અને ત્રણચાર મહિના કે તેથી વધુ ચાલે એટલી સામગ્રી હોય, સુવાવડનો ખર્ચ માંડ ત્રણસો યુરો આવે જ્યારે અમેરિકામાં દસ હજાર ડૉલર થાય. ફિનલેન્ડમાં દર હજાર શિશુઓ જન્મે તેમાં સરાસરી એક પોઈન્ટ સાત ટકા બાળકો મૃત્યુ પામે છે જ્યારે અમેરિકામાં આ પ્રમાણ પાંચ પોઈન્ટ બ્યાંશી ટકા જેટલું છે. સ્ત્રીને ચાર માસની મેટર્નિટી લીવ મળે છે. ત્યાર બાદ પતિ કે પત્નીમાંથી જે ઘરે રહેવા તૈયાર હોય તેમને બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી સરકાર ઠીક ઠીક પગાર આપે છે. આ વ્યક્તિ ત્રણ વર્ષ પછી પાછા પોતાની નોકરીમાં જોડાઈ શકે છે, નવાઈ નથી કે આખી દુનિયામાં ખાલી ફિનલેન્ડમાં જ પિતા બાળકની માતા કરતાં રોજને હિસાબે સરાસરી આઠ મિનિટ વધુ સમય ગાળે છે, બીજે એવું ઘણી વાર દેખાય કે પિતા પૂરી કુલ આઠ મિનિટ પણ સમય કાઢી શકે નહીં, મલ્ટિનેશનલોમાં તો યુવાન એક્ઝિક્યુટિવ રાતના બાર સુધી પણ કામ કરે, કરવું પડે, અને પછી બીજે દિવસે સવારે સાડા આઠ વાગે તો ઑફિસે પહોંચવાનું જ હોય. આવી જિંદગીમાં જ માનસિક દબાવ રહે તેની બાળઉછેરમાં અસર પડ્યા વગર રહે નહીં.

ફિનલેન્ડ નાનકડો દેશ છે, વસ્તી ઓછી છે, યુરોપમાં છે, વિકસિત છે પણ માત્ર એને લીધે આ પરિસ્થિતિ છે એવું નથી, બધાં નાનકડા દેશોમાં કે સમૃદ્ધ દેશોમાં પિતૃસત્તા ઉપર દબાણ લાવવાનું કામ સરકાર કરતી નથી. ફિનલેન્ડે સ્વિડન, જર્મની અને રશિયા પાસેથી ઘણાં અંકુશ, અપમાન અને લાખો ડૉલરોનાં ફાઈન સહન કરવા પડ્યા છે. સુવાવડની રજા અને ઘરે રહે એને સરકારી વળતર વગેરે યુરોપનાં ઘણાં બીજા દેશો પણ કામ કરી શકે, ઘટતી જતી વસ્તી એ માત્ર ફિનલેન્ડની સમસ્યા નથી, ફ્રાંસ કે જાપાનની પણ છે, એ કોઈ સુવાવડી માટે આટલું બધું કરતા નથી. આપણા જેવા અને આપણાથી વધુ અછત ભોગવતા દેશોમાં આવી કલ્યાણ યોજના શક્ય પણ નથી, નિર્લેપ અને લાંચિયા અમલદારો કેટલીક નિષ્ઠાથી કામ કરે? પેધા પડી ગયેલા આળસુઓ પ્રજા માટે કેટલા ઉપયોગી થાય? ફિનલેન્ડની શાસનનીતિ અહીં કરેલી વાતના સંદર્ભમાં એને સ્ત્રીસમાનતાનો નહીં પણ બાળકનો વિષય ગણે છે, બાળકને માતા અને પિતા બંને જોડે ભાવનાસેતુ બને, પિતા પણ બાળક સાથેનો સમય માણી શકે તે માટે આવી નીતિ ઘડાઈ છે. એક સત્કાર્ય જબરી અન્ય સકારાત્મક બાબતો લઈ આવી શકે છે, અહીં બાળકની કાળજી બાબતે આપોઆપ સ્ત્રીપુરુષ સમાનતાનું વૃક્ષ ઉછેરાય છે. ક્યાંય કોઈ બાબતમાં સંપૂર્ણક્રાંતિ એમ ના થઈ જાય, પણ એક સામાજિક ક્રાંતિનાં મંડાણ કરવામાં શાસન ઉપકારક નીવડ્યું છે, આપણા દેશમાં એ સૂરજ ક્યારે ઊગે તેની રાહ જોઈએ અને સરકારી તંત્ર પર દબાણ લાવીએ તો કાંઈ બને બીજું શું?

**– સોનલ શુક્લ,** મુંબઈ સમાચારમાંથી સાભાર


**પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ**





જન્મ :
તા. ૧૮/૬/૧૯૬૧

અરિહંત શરણ :
તા. ૧૧/૩/૨૦૧૭

**અ.સૌ. હંસા પ્રતાપ ધનજી લોડાયા**
**મંજલ રેલડીયા - ડોંબિવલી**

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહી
વિદાય એવી લીધી કે વિસરાય નહી
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી
આપની યાદ જીવનભર વિસરાય નહી
હે દિવ્યાત્મા જ્યાં હો ત્યાં પરમસુખ શાંતી
અને ઉચ્ચ ગતી પામો એજ
લોડાયા અને નાગડા પરિવારની પ્રભુ ચરણે પ્રાર્થના....


આપના શોકાકુલ

પતી : **પ્રતાપ ધનજી લોડાયા** પુત્રી-જમાઈ : **પુનમ જીગર ખોના**
પુત્રવધુ-પુત્ર : **મિત્તલ ધવલ લોડાયા** દોહિત્રી : **અચીરા જીગર ખોના**



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ || || શ્રી મહાવીર સ્વામિને નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

**શ્રી સંઘ સ્થાપનાના સુવર્ણ વર્ષે**

## કન્યા શિબિર... ધાર્મિક સંસ્કાર શિબિર... કન્યા શિબિર...



Age Limit - From 14 to 25 Years

**પ્રભુવીરના ઝળહળતા જિનશાસનને ગરિમાને વરેલી**

**ઓ ! Smart .... Intelligent.... Brilliant... કન્યાઓ...**

**Be Happy.... Be Happy.... Be Happy....**

કચ્છ કોહીનુર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાએ...
તપચક્ર ચક્રવર્તી, અ.ગ.પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાએ...
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા નૂતન સૂરિત્રયના શુભાશિષે...
સાદવીમુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા. ના શિષ્યા સંઘવત્સલા પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા
વ્યવહારદક્ષ પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રાએ....

આપણી દિકરીઓના જીવનમાં Divine Power, Divine Energy, Divine Personality, Divine Light ને Develope કરવા

પંચ દિવસીય તા. ૧૬ મે ૨૦૧૮ થી તા. ૨૦ મે ૨૦૧૮

# શ્રી આર્ય સમય ગુણ પુણ્ય વિહાર શિબિર

Runway Free છે... Passengers Ready છે... Petrol Tank Full છે... Pilot Alert છે...

**જીવનના Plane ને હવે મુક્ત ગગનમાં ઉડવું છે પણ તેના Direction & Destination નું શું? તેનો Journey Plan શું? તેની Physical & Technical Strength શું? આવા વિચારોને વાસ્તવિકતાના નવા જ આકાશનો અનુભવ કરાતી આ શિબિરમાં અવશ્ય જોડાજો.... જીવન ધન્ય બની જશે.**

**"શ્રી આર્ય સમય ગુણ પુણ્ય વિહાર શિબિર" નો વિહાર ક્રમ**

| Starting Point | 1st Milestone | 2nd Milestone | 3rd Milestone | Destination |
|---|---|---|---|---|
| 16-5-2018 | 17-5-2018 | 18-5-2018 | 19-5-2018 | 20-5-2018 |
| Nalasopara (E) | Nalasopara (W) | Aagashi | Virar | Mahavir Dham |

મધદરિયે આવી પહોંચેલી જીવન નાવનું Prefect Management કરી સફળતા અને પ્રસન્નતાનો આસ્વાદ કઈ રીતે માણવો તેની Master Key બતાવતી અનોખી શિબિરમાં આપની દીકરીઓને મોકલવા જરૂરથી ફોર્મ જલ્દી ભરજો.

ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૧૫–૩–૨૦૧૮

**ફોર્મ મોકલવાના સ્થળ**

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**

- શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી
- શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ
- શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ
- શ્રી ઘાટકોપર કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (સવારે ૧૦ થી ૧૨)
- શ્રી અચલગચ્છ જૈન સંઘ – મુલુંડ (પૂર્વ)
- શ્રી દહીંસર અચલગચ્છ જૈન સંઘ

સુચના : ફોર્મ સાથે રૂ. ૨૦૦/– ભરવાના રહેશે જે Refundable આપવામાં આવશે.

## શ્રી આર્ય સમય ગુણ પુણ્ય વિહાર શિબિર ફોર્મ

Name : .................................................................................................... Age : ..........

Village in Kutch : .......................................... Dharmik Gyan : ..........................................

Adress : ..........................................................................................................................

................................................ Resi No. : ........................... Mob No.: .................................

Signature of Parents : .................................... Form + Rs. 200/- (Refundable) ભરવાના છે.


Photo

ફોર્મની ઝેરોક્ષ કોપી પણ ચાલશે.

**વિશેષ માહિતી માટે સંપર્ક : જીતુભાઈ વોરા – ૮૨૯૧૩ ૯૫૮૦૧ / ૯૮૬૯૯ ૯૯૩૪૬ • જ્યોતીબેન લાલન – ૯૩૨૧૮ ૯૩૬૩૧**

|| જય આદિનાથ ||   || નમો નમઃ શ્રી જિનશાસનાય ||   || જય ગુરૂદેવ ગુણસાગરસૂરિજી મ.સા. ||

યુગાદિદેવ આદિનાથ પરમાત્માના આલંબને
તથા સંઘ શિરછત્ર, પ્રચંડ પુણ્યના સ્વામી,
વર્તમાન અચલગચ્છાધિપતિ,
તપચક્ર ચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી
ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના





૫૨ માં વરસીતપના પ્રારંભે,
સળંગ ૫૦ માં વરસીતપના આનંદોત્સવે
તથા અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ
ના સ્વર્ણીમ વર્ષે


## ચાલો, એક કદમ...
## એમના પગલે પગલે...

શ્રી અખિલ ભારત અચલગચ્છ
(વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ
તથા
શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વે.
મૂર્તિપૂજક સંઘ
ના ઉપક્રમે

શ્રી ઘાટકોપર જીરાવલ્લા દરબારે...
ચૌમુખી ભગવાન સમક્ષ-ચાંદીની નાણ...

પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરિજી
મ.સા.ની નિશ્રામાં...

ફાગણ વદ આઠમ,
શુક્રવાર, તા. ૯-૩-૧૮
સવારે ૯.૦૦ કલાકે
દેરાસર લેન, ઘાટકોપર (ઈ)



બાર વ્રતો - અન્ય કોઈ તપ,

# વરસીતપ આદરવા

સકલ સંઘો - ગચ્છપ્રેમીઓ - તપસ્વીઓને

## પધારવા ભાવભર્યું આમંત્રણ

કૃપા : અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી
ગુણસાગરસૂરિજી મ.સા.
આજ્ઞા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરિજી મ. સા.
આશિષ : પ.પૂ.આ.ભ. શ્રી
કલાપ્રભસાગરસૂરિજી મ.સા.
પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ.સા.
પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિજી મ.સા.
શુભેચ્છા : અચલગચ્છીય સર્વે શ્રમણ-શ્રમણીવૃંદો



લી. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

### : ધ્યાનમાં રાખજો :
પધારનાર આરાધક તપસ્વીઓને
- શુદ્ધ વસ્ત્ર પરિધાન
- કટાસણુ - મુહપત્તિ - ચરવળો
- ૫-૫ રૂપિયા ના બે સિક્કા
- બે મુઠ્ઠી ચોખા
- એક શ્રીફળ

BINITA S. MARU - 9869034162

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ ● ૨૩૪૪ ૧૯૨૯

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો,


જય જિનેન્દ્ર - જય જય શ્રી અનંતનાથ.

મુંબઈના મસ્જિદબંદર વિસ્તારમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની માલિકીના જે જે મકાનો છે તેમની વિગતો (તે ક્યાં સ્થિત છે તે તથા તેમની અન્ય માહિતી) આ સાથે આપીએ છીએ. ટ્રસ્ટની માલિકીના મકાનોથી, જ્ઞાતિજનોના હિતાર્થે, જ્ઞાતિજનોને કઈ રીતે વધારેમા વધારે ફાયદા થાય તે બાબત સલાહ-સૂચનો મોકલવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને આમંત્રણ છે. જ્ઞાતિજનો પાસેથી જે સલાહ-સૂચનો મળશે, તેના પર ટ્રસ્ટ બોર્ડ વિચારણા કરશે.

ઉપરોક્ત બાબત આ પહેલા પ્રકાશ સમીક્ષાના તા. ૧૬ થી ૨૨ મે ૨૦૧૫ના તથા તા. ૯ થી ૧૫ મે ૨૦૧૬ના અંકમાં આપેલ જા.ખ. ના સંદર્ભમાં કોઈ પ્રતિભાવ/પ્રત્યુતર પ્રાપ્ત થયા નહીં.

ટ્રસ્ટને ટ્રસ્ટના મસ્જિદ બંદર, મુંબઈ-૯ સ્થિત સર્વ મકાનોના રીડેવલપમેન્ટ કરવા માટે સૂચનો મળતા રહે છે. જ્ઞાતિજનોના હિતનું સમાજોપયોગી કામ કરવામાં રસ ધરાવતા સમાજના બિલ્ડર/ડેવલપર્સ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજન/નો ને મકાનોની વિગતો ધ્યાનમાં લઈ તેમના રીડેવલપમેન્ટ બાબત ફિસીબીલીટી રિપોર્ટ (Feasibility report) તૈયાર કરી મોકલવા વિનંતી. વધુ વિગતો માટે ટ્રસ્ટના કાર્યાલયે સંપર્ક કરવો.

લિ. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ




| NOS. | C.S. NOS. | BLDG. NAMES | PLOT AREAS (Sq. Mt) | PLOT AREAS (Sq. Ft) (A) | TENANT AREAS (CARPET AREAS) (Sq. Ft) (X) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (X * 1.2) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (B) | FSI (B)/(A) | TENANTS | | TOTAL TENANTS | CARPET AREAS (Sq. ft) | | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | COMM. | RESI. | | COMM. | RESI. | |
| 1 | 889 | JATHAWALLA GHAR | 154.68 SQMT | 1664.97 SQMT | 6171.52 SQFT | 7405.82 SQFT | 7405.82 SQFT | 4.44 | 22 NOS | 7 NOS | 29 NOS | 3928.35 | 2243.17 | |
| 2 | 886 | NAKHODA GHAR | 957.37 SQMT | 10305.13 SQFT | 1826.32 SQFT | 2191.58 SQFT | 48164.14 SQFT | 4.67 | 4 NOS | NIL | 4 NOS | 1826.37 | NIL | |
| 3 | 885 | DERASAR GHAR + DERASAR | | | 28847.52+7500 | 34617.02+9000 | | | 7 NOS | NIL | 7 NOS | 2654.23 | NIL | Remaining Area for Derasar Upasarey ETC |
| 4 | 884 | ANANT JYOT | | | 1962.95 SQFT | 2355.54 SQFT | | | 2 NOS | NIL | 2 NOS | 1962.93 | NIL | |
| 5 | 890 | NAVAGHAR | 321.35 SQMT | 3459.01 SQFT | 2856.34 SQFT | 3427.6 SQFT | 10610.38 SQFT | 3.06 | 7 NOS | 2 NOS | 9 NOS | 2699 | 157.5 | |
| 6 | 891 | MALBARI GHAR | | | 5985.65 SQFT | 7182.78 SQFT | | | 7 NOS | 18 NOS | 25 NOS | 2789.6 | 3196 | |
| 7 | 892 | BESANIYA GHAR | 154.31 SQMT | 1660.99 SQFT | 2062.60 SQFT | 2475.12 SQFT | 2475.12 SQFT | 1.49 | 3 NOS | NIL | 3 NOS | 2062.55 | NIL | |
| 8 | 910 | ANANT SADAN | 190.45 SQMT | 2050.00 SQFT | 4937.23 SQFT | 5924.67 SQFT | 5924.67 SQFT | 2.89 | 19 NOS | NIL | 19 NOS | 4937.24 | NIL | |
| 9 | 957 | ANANT NIWAS | 1323.59 SQMT | 14247.12 SQFT | 42794.33 SQFT | 51353.19 SQFT | 54191.39 SQFT | 3.80 | 21 NOS | 107 NOS | 128 NOS | 12718 | 30076.29 | |
| 10 | 972 | SHAKGULLY | | | 2365.17 SQFT | 2838.2 SQFT | | | 2 NOS | 11 NOS | 13 NOS | 827 | 1538.15 | |
| 11 | 920 | OLD ANANT BHUVAN | 1292.65 SQMT | 13914.08 SQFT | 8576.97 SQFT | 10292.36 SQFT | 61714.91 SQFT | 4.43 | 08 NOS | 34 NOS | 42 NOS | 2812 | 5765 | |
| 12 | | NEW ANANT BHUVAN | | | 42448.73 SQFT | 51422.55 SQFT | | | 114 NOS | 15 NOS | 129 NOS | 35529.73 | 6919 | |

## શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

### દ્વારા આયોજિત
### મોમાઈ માંની ભવ્ય રજત જયંતિ
### સમૂહ પહેડીનો અહેવાલ

શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૫મી એટલે જ કે રજત જયંતિ સમૂહ પહેડી, શ્રી ભલારાદાદાના ભૂવાશ્રી કુંવરજીભાઇ તથા શ્રી મોમાઇ માના ભૂવાશ્રી લલીતભાઇના શુભાશિર્વાદથી મહા સુદ-૪ને રવિવાર, તા. ૨૧.૦૧.૨૦૧૮ના જૈનમ હોલ, ભાંડુપમાં ખુબજ ધામધૂમ તથા હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી. જેમાં અગ્રેસર લાભ લેનાર પરિવાર માતુશ્રી લત્તાબેન મણિકાંત મેઘજી મોમાયા (હૈદ્રાબાદ) હસ્તે : શ્રી હેમાંગભાઇ, શ્રી ગૌરવભાઇએ માતાજીને વાજતે ગાજતે તેડાવવાનો, બપોરનો મહાપ્રસાદ તેમજ માતાજીની ભવ્ય આરતીનો લાભ લીધેલ. માતુશ્રી મધુરીબેન મણિલાલ મોમાયા પરિવારે નવકારશીનો લાભ લીધેલ. રજત જયંતિ પહેડી પ્રસંગે મોમાઇ માની ચાંદીની મૂર્તિ ભેટરૂપે અર્પણ કરનાર પરિવાર માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર હસ્તે રજનીબેન, હસુમતિબેન, ધ્વની, મોનાલી હીરાલાલ ડાઘા. રજત જયંતિ પહેડીની યાદગીરી સ્વરૂપે માતાજીના ફોટાવાળી ઘડીયાળ વરાડીયાવાસી મોમાયા પરિવાર તેમજ નિયાણી બહેનોને ચૂલાદીઠ સપ્રેમ ભેટ આપનાર પરિવાર માતુશ્રી મીઠીબાઇ ધનજી દેવશી મોમાયા પરિવાર. સાંસ્કૃતિક તથા શૈક્ષણિક કાર્યક્રમના દાતા પરિવાર માતુશ્રી પુષ્પાબેન ચીમનલાલ મોમાયા, શ્રી કુંવરજી આણંદજી મોમાયા, માતુશ્રી હેમલત્તા શાંતિલાલ કુંવરજી મોમાયા, માતુશ્રી મધુરીબેન મણિલાલ મોમાયા તેમજ સંપૂર્ણ પહેડીના સહયોગી પરિવાર શ્રી ધનજી નરશી મોમાયા, માતુશ્રી વાલબાઇ શામજી મોમાયા, માતુશ્રી શીલાબેન પદમ મોમાયા, માતુશ્રી રાજબાઇ કેશવજી મોમાયા, માતુશ્રી હીરાબાઇ ગુલાબચંદ મોમાયા હસ્તે શ્રી પિયુષભાઇ, શ્રી કીર્તિકુમાર ધનજી મોમાયા, માતુશ્રી રતનબાઇ હેમરાજ મોમાયા, માતુશ્રી લક્ષ્મીબેન મણિલાલ ભવાનજી મોમાયા, માતુશ્રી વિજયાલક્ષ્મી ખીમજી મોમાયા, માતુશ્રી ખમાબેન ફતેહચંદ મોમાયા, માતુશ્રી લીલાવંતીબેન જેઠાભાઇ મોમાયા, માતુશ્રી નિર્મલાબેન શીવજી મોમાયા, શ્રી મણિલાલ લખમશી મોમાયા, માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા, માતુશ્રી લીનાબેન મધુકાંત મોમાયા, શ્રી દામજી શીવજી મોમાયા.

આ સર્વે લાભાર્થી પરિવાર તેમજ યથાશક્તિ ફાળો નોંધાવનાર દરેક ભાવિક પરિવારનો ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર. બહારગામથી પધારેલ મોમાયા પરિવાર તેમજ સ્થાનિક મુંબઇવાસી મોમાયા પરિવાર તથા નિયાણી બહેનોના પરિવારનો વિશેષ આભાર. અમારી વિનંતીને માન આપી પધારેલ સર્વે મહાનુભાવોનો પણ ખૂબ ખૂબ આભાર. આ પહેડીને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપનાર મોમાયા કાર્યકર્તાઓ, સંગીતના તાલે પહેડીની શાનમાં ચાર ચાંદ લગાવનાર સંગીતકાર શ્રી સંજયભાઇ શાહ એન્ડ પાર્ટી, ખૂબજ સ્વાદિષ્ટ ભોજન પીરસનાર શ્રી દીપેશભાઇ ચીમનલાલ મોમાયા મે. ભલારા કેટરર્સ, જૈનમ હોલ મેનેજીંગ કમિટી તથા સ્ટાફ, ડીજેના તાલે રમઝટ બોલાવનાર તેમજ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાઉન્ડની સુંદર વ્યવસ્થા કરનાર શ્રી હીરેનભાઇ, દરેક બહેનોને મહેંદી રચનાર જસ્મીનાબેન અને તેમની ટીમ, ફોટોગ્રાફી કરનાર કિરીટભાઇ તથા સુંદર અને નયનરમ્ય ફ્લાવર ડેકોરેશન કરનાર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારનો પણ ખૂબ ખૂબ આભાર.

જે મોમાયા પરિવારની તેમજ નિયાણી બહેનોના પરિવારની રજત જયંતિ પહેડીની યાદગીરી રૂપે ભેટ લઇ જવાની રહી ગઇ હોય તેઓ નીચેના નંબર પર સંપર્ક કરી મેળવી લે. શ્રી લલીતભાઇ મોમાયા - ૮૪૫૧૯૩૨૨૨૩, શ્રીમતી આશાબેન મોમાયા - ૯૧૬૮૪૩૪૦૦૯.

**લિ. ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી.**

### આ તે સગાઇ કે ઠગાઇ ?




એક બહારગામની કન્યાના માં-બાપ જાતે બધું તપાસીને, સમજી-વિચારી ને (?), એક યુવક ના મા-બાપ ને મળી પોતાની કન્યા ને પરણાવવાની ઇચ્છા દર્શાવી. અને પહેલાં જ પૂછી લીધું કે અમારી દીકરી ને નોકરી કરવા દેશો ને ? છોકરો અથવા એના પરિવારને એમાં કાંઇ જ વાંધાજનક ન લાગ્યું. ત્યારબાદ છોકરો તથા છોકરીની બે-ત્રણ મુલાકાત થઈ અને બંનેની સંમતિ બાદ બધું બરોબર લાગતા સગાઇ નક્કી કરી. ત્યારબાદ બંને તરફ લગ્નની તડામાર તૈયારીઓ શરૂ થઇ. લગ્નનો હૉલ નક્કી થયો રિસેપ્શન માટે અલગ હૉલનું બુકિંગ કર્યું. ફોટાગ્રાફર નક્કી થઈ ગયો. હનીમૂન પેકેજ લેવાઈ ગયું. કંકોત્રીની તૈયારીઓ શરૂ કરી લીધી. દાગીના ઘડાઈ ગયા.

અને અચાનક છોકરીના સવાલ શરૂ થઇ ગયા. હું નોકરી નહીં જ કરું. તો પછી તમે મને રાખશો કે નહીં ? તમારા એકલાના પગારમાં તમે મને કેટલી ખુશ રાખી શકો ? તમે ડોમ્બિવલી થી ઘાટકોપર શિફ્ટ થઇ શકો ? એવા બેતુકા સવાલ કર્યા અને પછી ફોન જ બંધ. વાત કરવાનું છોડી દીધું.

કન્યાના મા-બાપ પણ અમે અમારી છોકરીને જિંદગી ભર પાળી લેશું. અમને કાંઇ વાંધો નથી. છોકરા વાળા પર આક્ષેપો લગાડીને સગાઇ તોડવા તૈયાર થઇ ગયા. (ભૂતકાળ માં પણ એવું કરી ચુક્યા છે.)

એ સમજાતું નથી કે આજ કાલની છોકરીઓ કે કદાચ છોકરાઓ પણ સગાઇ/લગ્નને એક રમત સમજે છે શું ? સગાઇ કરતાંય વાર નથી લાગતી અને તોડતા ય વાર નથી લાગતી. છોકરીના મા-બાપ વધુ પડતો હસ્તક્ષેપ કરતા હોય છે. અને ખોટું ભડકાવે છે.


આમ જ ચાલુ રહેશે તો આપણી જ્ઞાતિમાં પર નાતની કન્યાઓ વધુ આવશે અને આપણી કન્યાઓ પર નાતમાં વધુ પરણશે. આનું કાંઇ નિરાકરણ છે ખરું ?

**- એક મહિલા સામાજીક કાર્યકર,** મુંબઈ,
૧-૦૩-૨૦૧૮


**જાહેરાત આપનારાઓને નિવેદન**

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર અવશ્ય મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

## ધર્મસંદેશ - ૧૧૭ (કચ્છના તીર્થો તથા જીનાલયો)





રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૩] આદીનાથનું તીર્થ (૩); [૫] આદીનાથનું તીર્થ (૫); [૬] ચિંતામણી પાર્શ્વનાથનું તીર્થ (૪); [૭] સુમતીનાથનું જિનાલય (૨); [૮] ચંદ્રપ્રભુનું જિનાલય (૩); [૧૦] મહાવીર સ્વામીનું તીર્થ (૨); [૧૧] શાંતિનાથનું તીર્થ (૩); [૧૨] ધૃતકલ્લોલ પાર્શ્વનાથનું તીર્થ (૩); [૧૩] કેસરીયા આદીનાથનું જિનાલય (૩); [૧૫] જીરાવલ્લા પાર્શ્વનાથનું તીર્થ (૨); [૧૬] અજીતનાથનું જિનાલય (૩); [૧૮] આદીનાથનું જિનાલય (૪); [૧૯] ચંદ્રપ્રભુનું તીર્થ (૩); [૨૦] સીમંધર સ્વામીનું જિનાલય (૩).

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] ગોડીયા પાર્શ્વનાથનું જિનાલય (૭); [૨] ચંદ્રપ્રભુનું તીર્થ (૪); [૩] શાંતિનાથનું જિનાલય (૩); [૪] ચંદ્રપ્રભુનું તીર્થ (૨); [૫] અજીતનાથનું તીર્થ (૨); [૯] આદીનાથનું જિનાલય (૬); [૧૨] અજીતનાથનું જિનાલય (૪); [૧૪] ચંદ્રપ્રભુનું જિનાલય (૫); [૧૭] વિમલનાથનું જિનાલય (૩)

## પોટલી - હેમલ વૈષ્ણવ *(દિવ્ય ભાસ્કરમાંથી સાભાર)*

'અરે યાર! સમજી લો ને, ફરી વાર ધ્યાન રાખીશું.' મનીષે પાકીટમાંની પાંચસોની નોટ ટ્રાફિક પોલીસ વિઠ્ઠલ રાણાને બતાવતાં કહ્યું. 'એક તો તમારી પાસે લાઈસન્સ નથી, ઈન્સ્યોરન્સના પેપર નથી, ઉપરથી રેડ લાઈટમાં ટર્ન માર્યો છે, ટોટલ ચાલાન જ સત્તરસો રૂપિયા જેટલું થાય છે અને તમે પાંચસોમાં મને શું સમજાવશો ?' ટ્રાફિક કંટ્રોલર વિઠ્ઠલ રાણાએ આગળ વધીને કારના ઈગ્નિશનમાંથી ચાવી ખેંચી લેતાં કહ્યું.

'સાહેબ, મારા મામા મંત્રાલયમાં જ છે, ફોન લગાડું ?' મનીષના સાથીદાર રવિએ મોબાઈલ પર આંગળી ફેરવતાં સહેજ કરડાકીથી કહ્યું. મંત્રાલયનું નામ પડ્યા પછી વિઠ્ઠલ થોડી વાર બન્ને નબીરાઓ સામે જોઈ રહ્યો, પછી આજુબાજુ કોઈ જોતું નથી એની ખાતરી કરીને અંદર ડોકું નાખીને બોલ્યો, 'કેટલા કહ્યા પાંચસોને ? સામે પેલો ફ્રૂટની લારીવાળો છે એને આપી આવો, એને કહેજો કે 'પોટલી' માટે છે.

'સાલાઓ ત્રીજી પાર્ટીને ઈન્વોલ્વ કરીને રાતના છાંટાપાણીની વ્યવસ્થા કરી લેતા હોય છે. મારા મામાને ફોન લગાડી દેવાની જરૂર હતી.' રવિ ગુસ્સામાં હતો.

'યાર, આજે નાની ગાડી સાથે હતી એટલે સ્પીડ ના પકડાઈ, બાકી ઊભા જ ના રહ્યા હોત, તું મામાને છોડ, હમણાં હું કાયમની નિરાંત કરી દઉં છું.' ફ્રૂટવાળાને પૈસા આપીને પાછા ફરતાં મનીષે કહ્યું, 'લાવો હવે ચાવી, સાંભળો સાહેબ આ પોટલીને છોડો. મહિને એક કન્ટ્રીની બોટલનો મેળ પાડી આપીશું, ખાલી હું કહું કે ૭ ગાડીના નંબર નોંધી લો, બધા આપણી ગેંગવાળા છે, એમને કોઈ કનડગત ના થાય એટલું જોઈ લેજો.' 'પોટલીનું ધ્યાન તો રાખવું જ પડે સાહેબ.' વિઠ્ઠલે ચાવી હાથમાં રમાડતાં કહ્યું.

'પેલા ઓટલા પર ગાંડો સૂતેલો દેખાય છે ? ત્રણ વર્ષ પહેલાં મોટરબાઈક પર એની વાઈફ અને બચ્ચાં સાથે આ ચાર રસ્તા પરથી જતો હતો, ત્યારે તમારા જેવા જ એક ડ્રાઈવરે રેડ લાઈટમાં ટર્ન મારેલો. એનાં બીવી બચ્ચાં એની અને મારી નજર સામે અહીં જ ખતમ થઈ ગયેલાં. એ દી' અને આજની ઘડી, એના પરિવારની રાખ ભરેલી પોટલી છાતીએ વળગાડીને પડ્યો રહે છે. બિચારો એ 'પોટલી' ત્રણ દિવસથી તાવમાં કણસે છે, તમારી પાંચસોની કટકીમાંથી ફ્રૂટવાળો એને ફ્રૂટ્સ આપતો રહેશે. હા, એક બીજી વાત, ફ્રૂટવાળો ઈમાનદાર છે. એ તમે આપેલા પાંચસોમાંથી પોતાની કટકી કાઢવાનું 'સમજી' નહીં લે.'

મનીષના હાથમાં ચાવી થમાવીને વિઠ્ઠલ રાણા ચાર રસ્તા વચ્ચે ટ્રાફિક કંટ્રોલ કરવા પાછો પહોંચી ગયો હતો.

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર (રજિ.)




લાલપુર, જિ. જામનગર – ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :**

**યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ – ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯**


**દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ શ્રી ભલારાદાદાની ૩૦મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા રવિવાર તા.૧૮-૩-૨૦૧૮ના સાંજના ૪.૩૦ કલાકથી કિશોર મનરાજા તેમજ હંસકુમાર મૈશેરી અને સાથી કલાકારોના સંગે કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ખાતે રાખેલ છે.**

**આ વર્ષની પહેડીના લાભાર્થીઓ નીચે પ્રમાણે છે**

- **માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીચા-વડાલા)**
- **માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીચા પરિવાર (રવા-ચેમ્બુર)**
- **માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)**
- **એક સદગૃહસ્થ (મુલુંડ)**
- **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી/ઘાટકોપર)**
- **માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)**
- **માતુશ્રી રાજબાઈ પદમશી મોતા-હસ્તે જયશ્રી ભરત મોતા પરિવાર (કુવાપધર-હૈદ્રાબાદ)**
- **શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ)**
- **માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાંડુપ)**
- **માતુશ્રી વિજયાબાઈ રતિલાલ લોડાયા પરિવાર હસ્તે લહેરચંદ અને ખુશાલ (બાંઢિયા-નાસિક)**
- **માતુશ્રી બાચાબાઈ શામજી મોતા પરિવાર (નલિયા-લોનાવલા-મુંબઈ)**
- **માતુશ્રી શાંતાબાઈ પાશુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)**
- **માતુશ્રી મણીબાઈ નવીનચંદ્ર મોતા પરિવાર હસ્તે ઉલ્લાસભાઈ (કોઠારા-મુલુંડ)**
- **માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ/ઘાટકોપર)**

**આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજુ પણ ફાળો આપી, આ અમુલ્ય લાભ લઈ શકશે.**

**આ સમુહ પહેડીમાં હજી પણ પહેડીના સહયોગી દાતા થવા ઈચ્છીનાર પરિવારને કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮ પર સંપર્ક સાધી શકે છે.**

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળ સ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના **તા.૨૯, ૩૦ અને ૩૧ માર્ચ ૨૦૧૮**ના **યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ના નિશ્રા હેઠળ ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિ ભાવના અને દાદાશ્રીના પાઠ રહેશે.

આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે

**ધ્વજ મહોત્સવના દર્શન-વંદન પ્રસાદીનો લાભ મળે વર્ષે એક વાર લેનાર ભાગ્યશાળી પુણ્ય બાંધે પારાવાર**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર (રજિ.)



લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :**

**યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯**

JOY પ્રસ્તુત



## નૉ - ટ્રમ્પ ટુર્નામેન્ટ

ક.દ.ઓ જ્ઞાતિમાં પ્રથમવાર નવા ફોર્મેટ સાથે

(૧૫ વર્ષથી વધુના સર્વ જ્ઞાતિજનો માટે)

સીંગલ (રૂા. ૨૫૦) અથવા બે ખેલાડીઓ ની ટીમ (રૂા. ૫૦૦)માં નોંધાવો

**રવિવાર, ૨૫ માર્ચ ૨૦૧૮ સવારના ૮ વાગ્યાથી**

**સ્થળ : તથાસ્તુ હૉલ, કાલિદાસ કોમ્પ્લેક્સ, મુલુંડ (વેસ્ટ)**

અનેક આકર્ષક ઈનામો

નામ નોંધાવવા છેલ્લી તારીખ ૧૮ માર્ચ, ૨૦૧૮

**વિશેષ સહયોગ : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ અને સ્પીડી સ્ટ્રોક**



JOY Presents

## BHALARA OLYMPICS

**તા. ૨૯ અને 30 માર્ચ ૨૦૧૮**

**સ્થળ :**

**ભલારાદાદા સ્થાનક, લાલપુર**

Event Managed by

**SPEEDY STROKES**

- Box Cricket — Team if Any
- Kabaddi — Team if Any
- Kho-Kho — Team if Any
- Dodge-Ball — Team if Any
- Volleyball — Team if Any

**Many More Games are on the way**

- Ring Football — Team if Any
- Badminton — Single/Doubles
- Carrom — Single/Doubles
- Chess
- Marathon

**નિયમો અને શરતો :**

- ટીમ/વ્યક્તિગત દરેકએ રજિસ્ટ્રેશન ફોર્મ ભરી અને ઓફિસમાં દેવેન્દ્રભાઈને આપવું.
- ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ : રવિવાર, તા. ૧૮ માર્ચ ૨૦૧૮
- ટીમ રમતોમાં નામ નિશ્ચિત કરવા રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણ રીતે પૂરી કરવી જરૂરી છે.
- તમામ રમતવીરોને નિયમો અને શરતો લાગુ. • ટ્રસ્ટનો નિર્ણય આખરી રહેશે.

**વધુ વિગત માટે સંપર્ક**

મહેશ દંડ - ૯૩૨૩૯૦૦૭૩૯ • જીગર નાગડા - ૯૩૨૦૬૦૩૩૬૦ • વીરચંદ લોડાયા - ૯૫૪૬૦૦૯૦૦ • દેવેન્દ્ર જીવાણી - ૯૮૨૧૬૦૩૨૩૩

**શ્રી ભલારાદાદા સૌની મનોકામના પૂર્ણ કરે**

संवत २०७४ || આદીનાથાય નમ : || સન – ૨૦૧૮



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. • ફોન : ૦૨૮૩૧-૨૮૨૩૧૮

**સાંયરા ગામમાં પધારો... પધારો... પધારો... ને આયંબિલની ઓળી આરાધો... આરાધો...**

**ભાગ્યશાળીઓ !! આવી આનંદ કેરી વધાઈ...** ૨૮-૦૨-૨૦૧૮

**શાશ્વતી આયંબિલ ઓળીની વાગી શરણાઈ...**

સંવત ૨૦૭૪નાં ચૈત્રમાસની આયંબિલની ઓળી આપણા માદરે વતન સાંયરા ગામમાં આરાધવા માટેનો સૌને આમંત્રણ પાઠવીએ છીએ. અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી, તપસ્વીરત્ન **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** નાં આજ્ઞાવર્તીની મીતભાષી **પ. પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ. સા.** નાં સુશિષ્યા **પ. પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ. સા., પ. પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ. સા.** આદિ ઠાણા - ૪ની ઉગ્રવિહારો કરી મુંબઈથી કચ્છમાં પધાર્યા છે. ત્યારે તેઓશ્રીની નિશ્રામાં શ્રી આદિનાથ જિનાલયજીની ૧૪૦ મી વર્ષગાંઠ ખૂબ ધામધૂમથી ઉજવાઈ. અને હવે ચૈત્ર માસની ઓળીમાં પણ તેઓની ભાગ્યોદયી નિશ્રા પ્રાપ્ત થવાની છે. તો તારીખો નોંધી લેશો **તા. ૨૩-૩-૨૦૧૮ થી તા. ૩૧-૩-૨૦૧૮** સુધી શ્રી આદિનાથ દાદાની છાયામાં આયંબિલની ઓળી. તા. ૨૨-૩-૨૦૧૮ સુધી આરાધકોએ કચ્છ - સાંયરા ગામે આવી જવાનું રહેશે. આયંબિલ તપ કરવું ફરજીયાત નથી, આરાધના અવશ્ય કરવાની રહેશે. તો તમારા નામો આજે નોંધાવશો.

સંપર્ક : શ્રી રતિલાલ ધ્રોળ : **98208 65806 / 97243 82232**, શ્રી વાલજી ખોના : **98204 38784**

કચ્છ સાંયરા મહાજન : **02831-282318**

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાંયરા - ધાર્મિક સમિતિના જયજિનેન્દ્ર !**

UPASANA - 9820167767

# ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી હંમેશા મુજબ ગુડીપડવાના શુભ દિવસે **રવિવાર, તા. ૧૮-૩-૨૦૧૮ના સવારના ૯.૦૦ કલાકેથી હોરાઈઝન બેઝમેન્ટ હોલ, ડી-માર્ટની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ) ખાતે યોજાશે.**

સોનાલી ગડાની પાર્ટી સંગીતના સુરે માતાજીની અર્ચના/આરાધના કરાવશે. સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી મા અંબાઈ માની આરાધના / અર્ચનામાં જોડાવા વિનંતી છે.

સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૧૬-૧૭ શૈક્ષણિક વર્ષમાં **SSC** તથા **HSC** (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ કે ઉપરની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવક/યુવતીઓએ તા. ૨૬-૦૨-૨૦૧૮ સુધી પોતાના માર્ક લિસ્ટની નકલ **TAN-MAN TOURS & TRAVELS,** A-19/20, Monani Sadan, (Bhujbal Niwas) 169/70, J.N. Road, Mulund (W), Mumbai-400 080 ના સરનામે યા tanmantour@gmail.com દ્વારા મોકલી આપવા વિનંતી છે.

**-: સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર :-**

**માતુશ્રી રમીલાબાઈ ચિમનલાલ વેલજી મોતા પરિવાર**

(તેરા - ડોંબિવલી) હસ્તે **પ્રફુલભાઈ**

**લિ. ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા તથા લાભાર્થી પરિવારના જય માતાજી**

**માતાજીની સમૂહ પહેડીમાં કાળા કપડા પહેરવા નહિં અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી પદમ મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ ચાલીસગામ-પાચોરા

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. દર બુધવારના ચાલીસગાંવ તેમજ દર શનિવારના પાચોરા ગરીબોને ભોજન કરાવવામાં આવે છે. નકરો આપનાર દાતા : ૧) મેહુલકુમાર નવીનચંદ્ર સોની (ભુજ) હ. રચના મેહુલ સોની ૨) તેજ કૃણાલ અનિલ મોતા (અંધેરી) હ. હંસા અનિલ મોતા ૩) ચેતન શેઠ (અંધેરી) હ. ચેતનભાઈ ૪) ગુલાબચંદ દેવજી દંડ હ. લેખાબેન (પુના) ૫) નેમીચંદ પદમશી નાગડા (દહીંસર) ૬) નિર્મલાબેન નેમીચંદ નાગડા (દહીંસર) ૭) પ્રવીણભાઈ ખીમજી કુરીયા (દહીંસર) હ. વિજયભાઈ

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

મંચનો ૧૧મો વાર્ષિક કાર્યક્રમ ૧૩-૨-૨૦૧૮ના મુલુંડના આર. મોલમાં ઉજવાયો જેમાં ૬૦ સભ્યોએ રાસ ગરબા, ખુરશી રમત, ગેલ ગમ્મત તથા મનભાવન ખાણી પીણીની મોજ માણી હતી. ૭૦ સભ્યોએ સભ્યપદ રીન્યુઅલ કરાવ્યું. મંચનો આગામી કાર્યક્રમ મુલુંડના 'જેડલ' ગ્રુપના સહયોગીથી ૧૪-૩-૨૦૧૮ના કાલીદાસ નાટ્યમંદિરમાં નવીનતમ ગુજરાતી નાટક (બપોરના ૩.૦૦ ક.)નો છે. નાટક માણવા ઇચ્છતા મંચના સભ્યોએ લીના મોમાયા (98927 61613), અથવા આશા ડાઘા (95948 71898)નો સંપર્ક સાધવો. હજુ બે કાર્યક્રમ સુધી નવા સભ્યો લેવામાં આવશે.

### નોકરી અંગેનો નવો વિભાગ

પ્રકાશ સમીક્ષામાં ટુંક સમયમાં નોકરી ખાલી છે / નોકરી જોઇએ છે વિભાગ શરૂ કરવામાં આવશે.

નોકરી ઇચ્છુકોએ પોતાની યોગ્યતા તથા નોકરીની જરૂરિયાત અંગેની માહિતી, ફોન નંબર, ઇમેઇલ જરૂરથી આપવો. નોકરી ખાલી છે માટે આવશ્યક પાત્રતાની માહિતી, ફોન નંબર તથા ઇમેઇલ અવશ્ય આપવા.

બન્ને પક્ષોએ પોતાની રીતે સીધો સંપર્ક સાધવો. આ વિભાગમાં પ્રકાશ સમીક્ષા ફક્ત સેતૂનું કાર્ય કરશે અને એ અંગે પ્રકાશ સમીક્ષાની કાઇપણ જવાબદારી રહેશે નહિં.

### શ્રી વિમલનાથ જિનાલયની વર્ષગાંઠ - બડગરા

અત્રેના દેરાસરજીની ૧૯મી વર્ષગાંઠ તથા ૨૦મી ધ્વજા નિમિત્તેફાગણ સુદ ૩ના દેવીશ્રી મહાકાલી માતાજીની ભાવના, ફાગણ સુદ ૪ના સ્નાત્ર પૂજા -૧૮ અભિષેક, ફાગણ સુદ ૫ના સ્નાત્ર પૂજા - સત્તરભેદી પૂજા ધ્વજા રોહણ વિધી થયેલ.

બપોરના સ્વામિ વાત્સલ્ય સંઘ જમણ શ્રી સંઘ તરફથી થયેલ. વિધી મુંબઈના જય જિનાલય આરાધક મંડળના શ્રી ભરતભાઈ બોરીયાએ કરાવેલ. સકલ સંઘ સાથે મહેમાનો પણ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ.

### પાસ થયા અભિનંદન



**માનસી રાહુલ નાગડા**

તિરપુર

M.A.

Ecomomics with First Class


# SALE

**20% થી 30% ડીસ્કાઉન્ટ**

## અવસર સારીઝ

**દાદર**

- કસબ-જીંક કસબ સાડીઓ
- કસબ-જીંક કસબ ચણીયા ચોલી
- બોર્ડર
- ઘરચોળા
- બાંધણી
- પાનેતર

**અવસર સારીઝ**

૧, રૂપલ એપાર્ટ., દાદા સાહેબ ફાલકે રોડ, સાધના હોટેલની સામે, દાદર (ઇ.), મુંબઇ-૧૪. ટે. 2416 4239

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

ભાવિન દેઢિયા - 98197 23119

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અરવિંદ કુંવરજી દંડ** (PS 4675) | શ્રી સદ્‌ગુરૂ પૂજા-૨, સી-૨/૨૦૩ પુજારા, પ્લૉટ-૨, સેઠ હાઈસ્કુલની પાછળ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. મો. : ૦૯૯૧૩૭ ૪૬૪૬૮ |
| **હિરેન દામજી શાહ (વિકમશી)** (PS 4905) | બી-૧૦૧, ગજાનંદ એપાર્ટમેન્ટ, ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટની સામે, ગોહર બાગ, બીલીમોરા (ઈસ્ટ) - ૩૯૬ ૩૨૧. મો. : ૦૯૮૯૮૪ ૨૧૧૪૪ |
| **ગૌરવ પ્રવીણચંદ્ર લોડાયા** (PS 3387) | એ/૧૨, કૈલાશ ભવન, બીજે માળે, દીન દયાલ ક્રોસ રોડ, ગણપતી મંદિર પાસે, ડોમ્બીવલી (વેસ્ટ)-૪૨૧ ૨૦૨. મો.: ૦૭૫૦૬૮૬૪૭૭૦ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૧૩-૦૨-૧૮ | જામનગર | જીશાન, વૈશાલી હાર્દિક જશમુખ દંડ (ભુલ સુધાર) | નાની ખાવડી | પુત્ર |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૮-૦૨-૧૮ | મુલુંડ | ચિંતન સુનીલ દેવજી છેડા (ભુલ સુધાર) | મોટી રાયણ | ૨૮ |
| | મુલુંડ | જીનલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૨૭ |
| | | **જ્ઞાતિ સગપણ છૂટા** | | |
| ૧૫-૦૨-૧૮ | ડોમ્બીવલી | જતીન પ્રતાપ દામજી ધરમશી (શાહ) | જખૌ | ૩૧ |
| | હૈદરાબાદ | રાગિની હરીશ નવીનચંદ્ર લાપસીયા | દલતુંગી | ૩૦ |
| | | **લગ્ન** | | |
| ૦૫-૦૨-૧૮ | વિજયપુર | મનીષ હરીશ પદમશી નાગડા (પટેલ) | સાંધાણ | ૩૩ |
| | થાણા | ઉર્વી રાજેશ વિરચંદ ધરમશી | સુથરી | ૩૧ |
| ૧૧-૦૨-૧૮ | જલગામ | સિધ્ધાર્થ રાજેન્દ્ર વેલજી પોલડીયા | બાયઠ | ૨૫ |
| | અંજાર | મીરલ વિજય જવેરચંદ મુનવર | કોઠારા | ૨૫ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૨૦-૦૨-૧૮ | વિલે પાર્લે | હર્ષ શરદ નાથાલાલ લોડાયા (શાહ) | મોટી ખાવડી | ૩૧ |
| | જોગેશ્વરી | પૂજા શીલવંત બેચન પટેલ | કલકત્તા | ૨૯ |
| ૧૧-૦૨-૧૮ | મુલુંડ | ચિરાગ નિતીન નેણશી ધરમશી | સુથરી | ૨૮ |
| | મુલુંડ | ધ્વની ભરત શાંતીલાલ ચંદન | તેરા | ૨૫ |
| ૦૫-૦૨-૧૮ | મુલુંડ | અંકિત ભરત રતીલાલ મૈશેરી | માંડવી | ૨૮ |
| | મુલુંડ | રીંકીતા જેઠાલાલ ટોકરશી છેડા | શેરડી | ૨૮ |
| ૧૪-૧૨-૧૭ | યુએસએ | સાગર ભરત નરશી મૈશેરી | નાની સિંધોડી | ૨૭ |
| | યુએસએ | ગૌરાંગી લાલચંદ્ર દેવજી શેલ | બોઈસર | ૨૭ |
| | | **મરણ** | | |
| ૦૩-૦૩-૧૮ | તેરા | લક્ષ્મીબેન વેલજી લોડાયા | તેરા | ૮૩ |
| ૦૩-૦૩-૧૮ | ડોમ્બીવલી | લતાબેન શાંતિલાલ લોડાયા | જખૌ | ૬૫ |
| ૦૨-૦૩-૧૮ | વડોદરા | સુશીલા હિરાચંદ દામજી વિકમશી | પરજાઉ | ૭૦ |
| ૦૧-૦૩-૧૮ | અંકલેશ્વર | જયાબેન જીતેન્દ્ર મોતા | તેરા | ૫૮ |
| ૨૮-૦૨-૧૮ | ઠાકુરલી | વિજયાબેન દિનેશ કેશવજી લોડાયા | અરીખાણા | ૫૮ |
| ૨૮-૦૨-૧૮ | ધુલિયા | લક્ષ્મીબેન ટોકરશી ભવાનીજી નાગડા | લુણી | ૯૨ |

**ધર્મસંદેશ - ૧૧૭ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૩) સાંયરા (૫) વારાપધર (૬) વરાડિયા (૭) વીંઢ
(૮) ડુમરા (૧૦) જખૌ (૧૧) કોઠારા (૧૨) સુથરી
(૧૩) ગોધરા (૧૫) તેરા (૧૬) પુનડી (૧૮) જસાપર
(૧૯) નલીયા (૨૦) કુકમા

ઊભી ચાવીઓ -
(૧) રાપરગઢવારી (૨) પરજાઉ (૩) સાંધવ
(૪) લાલા (૫) વાકું (૯) રાયધણજર
(૧૨) સુજાપુર (૧૪) ગોએરસમા (૧૭) બાંઢીયા

# શૈક્ષણિક માર્ગદર્શન સેમીનાર

**શ્રી વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી કેડીઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ** તથા **શ્રી સીડીઓ જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટ** દ્વારા સંયુક્ત **તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના સવારે ૧૦.૩૦ વાગ્યાથી વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે એક શૈક્ષણિક માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામા આવ્યું હતું. આ સેમીનારમાં કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટમાંથી ફી સહાયનો લાભ લેતા વિદ્યાર્થીઓ તેમના વાલી સાથે હાજર રહ્યા હતા.

શિક્ષણ માટે સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા અપાતી સવગડો, માર્ગદર્શન તથા સહાયતાથી માહિતગાર કરવા ખાસ ડોંબિવલીમાં રહેતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ અર્થે આયોજીત આ સેમિનારમાં ૭૧ વિદ્યાર્થીઓ તથા વાલીઓએ હાજરી આપી હતી.

શ્રી સીડીઓ જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટના પ્રમુખ શ્રી કિરીટભાઈ લાપસિયા, શ્રી કેડીઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હીરાચંદભાઈ દંડ અને માનદમંત્રી શ્રી હેમાંગભાઈ ધરમશી, તેમજ વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના સિનિયર ટ્રસ્ટી શ્રી હંસકુમાર બી. ખીમજી, શ્રી કમલેશભાઈ વિકમશી, શ્રી કેતનભાઈ વિકમશી, શ્રીમતી હેમાબેન છેડા તેમજ સંસ્થાની વ્યવસ્થાપક સમિતીના પ્રમુખ શ્રી મધુકાંત ખોના, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન શાહ, માનદમંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, તેમજ સંસ્થાના સભ્યો શ્રીમતી દિપ્તિબેન ધરમશી તથા શ્રી અનુજભાઈ લોડાયા તથા શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ, ડોંબિવલીના પ્રમુખ શ્રી અતુલભાઈ ધરમશીએ ઉપસ્થિત રહી જ્ઞાતિજનોને સંબોધ્યા હતા.

સોનામાં સુગંધની જેમ શ્રી કેડીઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટને માતબર ડોનેશન આપનાર દાતા શ્રીમતી કિર્તિદાબેન ભરતભાઈ મેકાણી, સિંગાપોર ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ટનેશનલ શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાત અને મેન્ટર એવા શ્રીમતી કિર્તિદાબેને સમયની માંગ સાથે વાલીઓ અને વિદ્યાર્થીઓએ બદલાવ લાવી ગ્લોબલ માર્કેટમા આગળ વધી પ્રગતી કરવા અર્થે સરસ માર્ગદર્શન આપ્યું હતું.

વાલીઓ તરફથી પૂછાયેલ પ્રશ્નોના ઉત્તર તેમજ તેમની શંકાનું સમાધાન જે તે સંસ્થાના અધિકારીઓએ કરેલ. વિદ્યાર્થીગૃહમાં અપાતી સુવિધાઓની માહિતી સીડી દ્વારા બતાવવામાં આવી હતી. ધોરણ ૫ થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીગૃહમાં મફત પ્રવેશ તથા જરૂર લાગતા વિદ્યાર્થીઓને ઘાટકોપરની શાળામાં પ્રવેશ મેળવવા જરૂરી માર્ગદર્શન તથા સહાયતાની ખાત્રી સેમીનાર દરમ્યાન









આપવામાં આવી હતી. વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરેલ ભુતપૂર્વ વિદ્યાર્થીએ આજે સમાજમાં કરેલ પ્રગતિ તથા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વમાં આવતા પરિવર્તનની સમજ વિદ્યાર્થીગૃહમાં રહેતા વિદ્યાર્થીઓએ સ્વયંમ કહી હતી.

સેમીનાર સમાપન બાદ સર્વએ સમુહભોજનનો લાભ લઈ વિદ્યાર્થીગૃહમાં અપાતી સુવિધાઓ, ઈમારતની મુલાકાત લઇને પ્રત્યક્ષ નિહાળી હતી. વિદ્યાર્થીગૃહમાં અપાતી સુવિધા જોઇ ઘણા વિદ્યાર્થીઓ તથા વાલીઓએ વિદ્યાર્થીગૃહમાં એડમીશન લેવાની તૈયારી બતાવી હતી.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (05-03-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# કે.ડી.ઓ.ની યુવા શક્તિની પ્રખર પ્રતિનીધી હેમાંશી લોડાયા



**શ્રી લજેશ જયચંદ લોડાયા** (કોઠારા)ની સુપુત્રી **હેમાંશી**એ ડીસેમ્બર ૨૦૧૭માં લેવાયેલી **કંપની સેક્રેટરીની ફાઉન્ડેશન પરીક્ષા**માં ૩ લાખ પરીક્ષાર્થીઓમાંથી **ત્રેવીસ (૨૩)માં ક્રમાંકે ઉત્તીર્ણ** થઈ સમગ્ર કે.ડી.ઓ. જ્ઞાતિને ગૌરવાંકિત કરી છે. આપણી યુવા શક્તિ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ સફળતાના શિખરો સર કરી રહી છે તે સાથે અન્ય ક્ષેત્રોમાં પણ નેત્રદિપક સફળતા પ્રાપ્ત કરી જ્ઞાતિને ગૌરવ અપાવે છે. હાલમાં સૌમેયા કોલેજમાં ઋ.ઢ.ઇ.ઈજ્ઞળ અભ્યાસ કરી રહેલી હેમાંશી કંપની સેક્રેટરીનો અભ્યાસ પણ આગળ વધારશે તથા ભવિષ્યમાં ફાઈનાન્સ અથવા કાનૂની ક્ષેત્રે આગળ વધવાનું ધ્યેય ધરાવે છે. સી.એસ. ફાઉન્ડેશન પરીક્ષામાં ૨૩મો ક્રમાંક પ્રાપ્ત કરનારી હેમાંશીએ પ્રકાશ સમીક્ષા સાથેની વાતચિતમાં પોતાની સફળતાનું શ્રેય માતા-પિતા, દાદી-દાદી, વડિલો તથા શિક્ષકોને સમર્પિત કર્યું હતું. તેણીએ જણાવ્યું કે **'હું સખત મહેનત, સમય પાલન તથા આત્મવિશ્વાસના સથવારે સફળતા માટે પ્રયત્નશીલ રહીશ. હેમાંશીએ ઉમેર્યું. હતું કે જો તમને આત્મવિશ્વાસ હશે તો કોઈ નહિં રોકી શકે.'**

– **CA હિરાચંદ દામજી દંડ**, મંજલ રેલડીયા,
ઈમેલઃ hirachanddand@gmail.com

**'પ્રકાશ સમીક્ષા'ના હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ**


|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબે માતાય નમઃ || || શ્રી રામદેવપીર નમઃ ||



## શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર

સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ – ૩૭૦ ૪૯૦.

**મુંબઈ નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાઁની વીસમી પહેડી પ્રસાદ નિમિત્તે**

### ભાવભર્યું આમંત્રણ

શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના કુટુંબીજનો તથા સ્નેહીઓ, સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી અંબેમાઁની અસીમ કૃપાથી અને આપ સૌનાં સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી માતાજી ની ૨૦મી પહેડી પ્રસાદના આયોજન પ્રસંગે આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ દિવસ :**
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ આઠમ
રવિવાર, તા. ૨૫/૦૩/૨૦૧૮

**શુભ સ્થળ :**
શ્રી માટુંગા કચ્છી મુર્તી પુજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજન વાડી,
૪૫૨/૪૫૩, ભાઊદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન, માટુંગા, મુંબઈ – ૪૦૦ ૦૧૯.

**પહેડીના દાતા : અ.સૌ. માલાબેન પ્રફુલભાઈ શામજી ધરમશી (કચ્છ - કોઠારા, હાલ અમદાવાદ)**

**અન્ય કાર્યક્રમોની રૂપરેખા** સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ આઠમ રવિવાર, તા. ૨૫/૦૩/૨૦૧૮

- સવારે ૦૮.૦૦ કલાકે શ્રી માતાજીની વિશેષ પૂજા અને અર્ચના
- સવારે ૦૯.૦૦ કલાકે કુંભ અને દીપક સ્થાપના
- સવારે ૧૦.૦૦ કલાકે શ્રી માતાજીને પહેડી પધરાવવાની
- સવારે ૧૧.૦૦ કલાકે વિવિધ આદેશોની ઉછામણી તથા જાહેરાતો અને રાસ ગરબા
- બપોરે ૦૧.૦૦ કલાકે શ્રી માતાજીની મહાઆરતી

માતાજીના ભક્તિગીતો, રાસગરબા તથા આરતી થાળની સૂરાવલીનો ત્રિવેણી સંગમ કરાવશે. કચ્છના પ્રખ્યાત સાયદા બેન મીર અને ઈરફાન મીર તથા સાથી કલાકારો

**આ પ્રસંગે આપ સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**નિમંત્રક : અ.સૌ. માલાબેન પ્રફુલભાઈ શામજી ધરમશી (કચ્છ - કોઠારા, હાલ અમદાવાદ)**
**અ.સૌ. કુંદન વિશ્વાસ ધરમશી, ઉત્સવી, શુભન તથા શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય અંબે...**


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,